■ પશ્ચિમ જાવાના બાંડુંગમાં ભારે વરસાદ પછી એક નદી ઉભરાતા આવેલા પૂરમાં એક પૂરગ્રસ્ત વિસ્તારમાં બાળકો ત્યજી દેવાયેલા રેફ્રીજરેટરોનો ઉપયોગ તરાપાઓ તરીકે કરી રહેલા તસવીરમાં જોઇ શકાય છે.

અમેરિકામાં હવે ગ્રીન કાર્ડ હોલ્ડરોની હેરાનગતિ શરૂ થઈ: આમાં ભારતીયોનો પણ સમાવેશ

સ્વદેશ જઇને અમેરિકા પરત આવતા કેટલાક ગ્રીન કાર્ડ હોલ્ડરોની એરપોર્ટ પર હિંસક રીતે પૂછપરછ અને અટકાયતના બનાવો નોંધાયા

ઉપપ્રમુખ જે.ડી. વાન્સે ચેતવણી આપી છે કે ગ્રીન કાર્ડ હોલ્ડરોની પણ હકાલપટ્ટી થઇ શકે છે

વૉશિંગ્ટન, તા. ૧૭: જેઓ અમેરિકામાં કાયમી વસવાટનો અધિકાર મેળવીને સુખી થઇ ગયેલા માનવામાં આવે છે તે ગ્રીન કાર્ડ હોલ્ડરોની પણ હવે ત્યાં હેરાનગતિ શરૂ થઇ હોવાના ચિંતાજનક અહેવાલ આવી રહ્યા છે.

નવા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારે ઇમિગ્રેશન નીતિઓમાં વ્યાપક ફેરફારો કરી રહ્યા છે ત્યારે અનેક અહેવાલો એવું સૂચવી રહ્યા છે કે અમેરિકી અધિકારીઓ ગ્રીન કાર્ડ હોલ્ડરોની કોઇને કોઇ બહાને હેરાનગતિ કરવા માંડ્યા છે. અને જે ગ્રીન કાર્ડ ધારકો સખત સમયનો સામનો કરી રહ્યા છે તેમાં ભારતીય મૂળના લોકોનો પણ સમાવેશ થાય છે. આવા જ એક ઉદાહરણમાં ફેબીઅન શમીટ નામના એક જર્મન નાગરિક અને ગ્રીન કાર્ડ હોલ્ડરની હેરાનગતિ કરવામાં આવી હતી. તેઓ હાલમાં સાતમી માર્ચે જ્યારે જર્મનીથી અમેરિકા પરત ફર્યા ત્યારે એરપોર્ટ પર તેમની અટકાયત કરવામાં આવી, અમેરિકી ઇમિગ્રેશન સત્તાવાળાઓ દ્વારા હિંસક રીતે પૂછપરછ કરવામાં આવી એમ ધ ન્યૂઝવીકનો અહેવાલ જણાવે છે. ગ્રીન કાર્ડ હોલ્ડરોનું એરપોર્ટો પર સેકન્ડરી ઇન્સ્પેકશન કરવામાં આવે અને આખી રાત અટકાયતમાં રાખી મૂકવામાં આવે તેવા બનાવો વધી રહ્યા છે અને ભારતીયો સાથે પણ આવા બનાવો બન્યા હોવાના અહેવાલો છે.

અત્યાર સુધી એવું માનવામાં આવતુ હતું કે ગ્રીન કાર્ડ હોલ્ડરોને અમેરિકામાં કાયમી રહેવાનો અધિકાર મળી ગયો છે, પણ ઉપપ્રમુખ જે.ડી. વાન્સ સહિત કેટલાક ટોચના અમેરિકી રાજકારણીઓએ ચેતવણી આપી છે કે ગ્રીન કાર્ડ ધારકને અમેરિકામાં કાયમી રીતે રહેવાનો અધિકાર નથી અને જો પ્રશાસનને યોગ્ય લાગે તો તેમની પણ હકાલપટ્ટી થઇ શકે છે.

હકાલપટ્ટીઓ હંગામી રીતે અટકાવવાના જજના આદેશ છતાં ટ્રમ્પ પ્રશાસને સેંકડો ઇમિગ્રન્ટોને હાંકી કાઢ્યા

૧૮મી સદીના એક કાયદા હેઠળ થતી હકાલપટ્ટીઓ રોકવાનો આદેશ જજે આપ્યો ત્યારે ઇમિગ્રન્ટોને લઇને બે વિમાનો રવાના થઇ ગયા હોવાની સરકારના વકીલોની રજૂઆત

વૉશિંગ્ટન, તા. ૧૭(એપી): ટ્રમ્પ વહીવટીતંત્રે સેંકડો ઇમિગ્રન્ટોને અલ-સાલ્વાડોર ખસેડ્યા હતા જ્યારે કે એક ફેડરલ જજે વેનેઝુએલન ગેંગ સભ્યોને નિશાન બનાવતા ૧૮મી સદીના યુદ્ધ સમયના ઢંઢેરા હેઠળ થઇ રહેલી હકાલપટ્ટીઓ પર હંગામી રોક લગાવતો આદેશ જારી કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ આદેશ જારી કરાયો તે સમયે ફ્લાઇટો આકાશમાં હતી.

યુએસ ડિસ્ટ્રિક્ટ જજ જેમ્સ ઇ. બોઆસબર્ગે શનિવારે હંગામી ધોરણે દેશનિકાલ પર રોક લગાવવાનો આદેશ જારી કર્યો હતો, પરંતુ વકીલોએ તેમને કહ્યું હતું કે ઇમિગ્રન્ટોથી ભરેલા બે વિમાનો પહેલાથી જ હવામાં હતા - એક અલ સાલ્વાડોર તરફ જઇ રહ્યું હતું, બીજું હોન્ડુરાસ તરફ. બોઆસબર્ગે મૌખિક રીતે વિમાનોને ફેરવવાનો આદેશ આપ્યો હતો, પરંતુ દેખીતી રીતે તે પાછા ફર્યા ન હતા અને બાદમાં જજે તેમના લેખિત આદેશમાં આ નિર્દેશનો સમાવેશ કર્યો ન હતો. વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે રવિવારે એક નિવેદનમાં, વહીવટ કોર્ટના આદેશોનું ઉલ્લંઘન કરી રહ્યો છે કે કેમ તે અંગેની અટકળોનો જવાબ આપ્યો: પ્રશાસન કોર્ટના આદેશનું પાલન કરવાનો ઇનકાર કરતું નથી. આ આદેશ, જેનો કોઇ કાયદેસર આધાર નહોતો તે એના પછી જારી કરવામાં આવ્યો હતો જ્યારે આતંકવાદી TdA એલિયન્સને અમેરિકી પ્રદેશમાંથી પહેલાથી જ દૂર કરી દેવાયા હતા.

દેશમાં 45 ટકા ધારાસભ્યો ગુનાહિત કેસોનો સામનો કરી રહ્યા છે: એડીઆર

29 ટકા ધારાસભ્યો સામે હત્યા, મહિલાઓ સામેના ગુના સહિતના ગંભીર કેસ

138 ધારાસભ્યો સાથે આંધ્ર પ્રદેશ ટોચ પર બીજા ક્રમે બિહાર

પક્ષ મુજબ 1653 ધારાસભ્યો સાથે ભાજપ ટોચ પર બીજા ક્રમે કોંગ્રેસ

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઈ): 4092 ધારાસભ્યો પૈકી ઓછામાં ઓછા 45 ટકાએ પોતાની સામે ગુનાહિત કેસો હોવાનું જાહેર કર્યું છે, એમ મતદાન હક સંસ્થા એડીઆરના વિશ્લેષણમાં જાણવા મળ્યું હતું.

એસોસિએશન ઓફ ડેમોક્રેટીક રિફોર્મ્સ (એડીઆર) 4123 ધારાસભ્યો પૈકી 4092ના સોગંદનામાનું વિશ્લેષણ કર્યું હતું.

એડીઆરના નવા અહેવાલ મુજબ 1861 ધારાસભ્યોએ તેમની સામેના ગુનાહિત કેસ જાહેર કર્યા હતા. તે પૈકી 29 ટકા અથવા 1205 ધારાસભ્યો હત્યા, હત્યાના પ્રયાસ, અપહરણ અને મહિલાઓ સામેના ગુના સહિત ગંભીર ગુનાહિત આરોપોનો સામનો કરી રહ્યા છે.

આંધ્ર પ્રદેશ 138 ધારાસભ્યો (79 ટકા) સાથે યાદીમાં ટોચ પર છે ત્યારબાદ કેરળ અને તેલંગાણા આવે છે બંનેના 69-69 ટકા ધારાસભ્યો સામે ગુનાહિત કેસ છે.

ગુનાહિત કેસ જાહેર કરનારા ધારાસભ્યોની યાદીમાં બિહાર (66 ટકા), મહારાષ્ટ્ર (65 ટકા) અને તમિલનાડુ (59 ટકા) જેવા અન્ય રાજ્ય આવે છે.

ગંભીર ગુનાહિત કેસ જાહેર કરનારા ધારાસભ્યોની યાદીમાં પણ 98 ધારાસભ્યો (56 ટકા) સાથે આંધ્ર પ્રદેશ ટોચ પર છે.

ભાજપના 1653 ધારાસભ્યો પૈકી 39 ટકા અથવા 638 ધારાસભ્યોએ ગુનાહિત કેસ જાહેર કર્યા હતા જેમાંથી 436 ગંભીર આરોપોનો સામનો કરી રહ્યા છે. કોંગ્રેસના 646 ધારાસભ્યો પૈકી 339 ધારાસભ્યોએ ગુનાહિત કેસ જાહેર કર્યા હતા જેમાં 194 સામે ગંભીર આરોપો છે.

હાફીઝ સઈદનો અંત પણ અબુ કતલ જેવો થઈ શકે: નિષ્ણાંત

એક નિષ્ણાંતે આશંકા વ્યક્ત કરી કે હુમલામાં અન્ય ઈજાગ્રસ્ત શખ્સ હાફીઝ સઈદ છે

નવી દિલ્હી, તા. 17: લશ્કર-એ-તૈયબાના (એલઈટી) ત્રાસવાદી અબુ કતલની પાકિસ્તાનમાં હત્યા બાદ વિદેશી બાબતોના નિષ્ણાતોએ સૂચન કર્યું હતું કે 26-11 મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફીઝ સઈદ પણ ટૂંક સમયમાં આવા જ અંતનો સામનો કરી શકે છે. એક સમાચાર સંસ્થા સાથે વાત કરતા રોબિન્દર સચદેવે કહ્યું હતું કે અબુ કતલની હત્યા સંકેત છે કે જેઓ એલઈટીના સ્થાપક હાફીઝ સઈદ અને અન્ય ત્રાસવાદીઓને શોધી રહ્યા છે તેઓ નજીક આવ્યા છે. એવું કહેવાય છે કે જેઓ તલવારના સહારે જીવે છે તેઓ તલવારથી જ મરે છે અને હાફીઝ સઈદનો પણ અંત તે જ રીતે થઈ શકે.

અબુ કતલ પર હુમલામાં એક અન્ય શખ્સના ઈજાગ્રસ્ત થવા પર સેનાના એક નિવૃત્ત અધિકારીએ કહ્યું હતું કે 'અન્ય ઈજાગ્રસ્ત વ્યક્તિ પાકિસ્તાન સૈન્ય હોસ્પિટલમાં દાખલ છે અને પાકિસ્તાન તેની ઓળખ વિશે કંઈ બોલી રહ્યું નથી.

ભૂતપૂર્વ પ્રમુખ બાઈડને છેલ્લી ઘડીએ આપેલી માફીઓને ટ્રમ્પે રદ કરી

વૉશિંગ્ટન, તા. ૧૭: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના પુરોગામી જોસેફ બાઈડન દ્વારા તેમના પ્રમુખપદના છેલ્લા કલાકો દરમ્યાન વિવિધ વ્યક્તિઓને આપેલી માફીઓને રદબાતલ જાહેર કરી છે. ટ્રમ્પે દલીલ કરી છે કે આ માફીઓ પર ઓટોપેન વડે સહી કરવામાં આવી હતી અને તેમાં બાઈડનની સીધી મંજૂરી હતી નહીં તેથી તે માન્ય ગણાય નહીં. વધુમાં ટ્રમ્પે કહ્યું હતું કે જેમણે આ માફી આપી છે તે લોકોએ ગુનો કર્યો હોઇ શકે છે.

પેજ 3

નીતા અને મુકેશ અંબાણીએ લગ્નની 40મી વર્ષગાંઠ પર 6 માળની વનતારા થીમ પર આધારીત કેક કાપી

મુંબઈ, તા. 17: નીતા અંબાણી અને મુકેશ અંબાણીએ 8 માર્ચ, 1985ના રોજ લગ્ન કર્યા હતા. લગભગ એક અઠવાડિયા પહેલાં ઉદ્યોગ જગતના લોકપ્રિય યુગલે લગ્નની 40મી વર્ષગાંઠ ઉજવી હતી. નીતા અને મુકેશ અંબાણીએ આ અવસર પર 6 માળની વનતારા થીમ કેક કાપી હતી. તેમણે પોતાના લગ્નની 40મી વર્ષગાંઠ પર અંગત પાર્ટી આયોજિત કરી હતી. હાલમાં જ તે કેકનો ફોટો સામે આવ્યો હતો. મુંબઈની ડેલિસીયે બેકરીની માલિક બંટી મહાજને સોશિયલ મીડિયા પર તે ભવ્ય કેકની તસવીર પોસ્ટ કરી હતી, તેણે કહ્યું હતું કે આ કેક પર તેને સારો પ્રતિભાવ મળ્યો હતો. કેકને નીતાના ફેવરીટ કલર ગોલ્ડન અને પિંક રંગમાં બનાવવામાં આવી હતી, તેનું વજન 30 કિલોથી વધુ હતું. કેક પર સોનેરી રંગના પ્રાણીઓ બનાવવામાં આવ્યા હતા જ્યારે માળ પર ઝેબ્રા અને ચિત્તાની પેટર્ન હતી જ્યારે બેઝ પર માટીની અસર દેખાડવામાં આવી હતી. ટોચ પર બે હાથીઓ લગ્નની શુભેચ્છા આપતું બેનર પકડીને ઉભા છે.

વર્ષ 2024-25માં અમિતાભની રૂ.350 કરોડની કમાણી

મુંબઈ, તા. 17: અમિતાભ બચ્ચન કૌન બનેગા કરોડપતિ-16ના શુટીંગમાં વ્યસ્ત છે. અહેવાલ છે કે તમણે વર્ષ 2024-25માં રૂ. 350 કરોડની કમાણી કરી હતી. આ મોટી આવક સાથે અભિનેતાને રૂ. 120 કરોડનો આવક વેરો ભરવાનો છે, તેની સાથે જ અમિતાભ ભારતના સૌથી વધુ વેરો ભરનારાઓ પૈકી એક બન્યા છે. હાલના સમયમાં અમિતાભે સક્રિય રીતે મિલકતો ખરીદી અને વેચી છે. જાન્યુઆરીમાં તેમણે પોતાના સ્વર્ગીય પિતા હરિવંશ રાય બચ્ચનને સમર્પિત મેમોરિયલ બનાવવા માટે અયોધ્યામાં એક જમીન ખરીદી હતી. સૂત્રોએ જણાવ્યું હ તું કે અમિતાભે 15 માર્ચના રોજ પોતાના એડવાન્સ ટેક્સની ફાઈનલ ઈન્સ્ટોલમેન્ટ ચુકવી હતીજે રૂ. 52.50 કરોડ હતી. અમિતાભ આજે પણ તમામ ભારતીયોના રોલ મોડેલ છે, અને તેઓ સમય સમય પર ધ્યાન દોરે છે કે તમામ વેરા સમય પર ભરવા જોઈએ.

સલમાનના ક્લીન શેવ લુક પર ચાહકોએ ચિંતા વ્યક્ત કરી 'અમારો હીરો વૃદ્ધ દેખાઈ રહ્યો છે'

મુંબઈ, તા. 17: સલમાન ખાનનો નવો ક્લીન શેવ લુક સામે આવતા ચાહકોએ વિવિધ પ્રતિક્રિયાઓ આપી હતી, કેટલાંકે તેના સ્વાસ્થ્ય અને વધતી ઉંમર પર ચિંતા વ્યક્ત કરી હતી. 59 વર્ષીય ટાઈગર ઝિન્દા હૈના અભિનેતાએ તેની બહુપ્રતિક્ષીત એક્શન થ્રિલર સિકંદરનું શૂટીંગ આટોપી લીધા બાદ તેણે પોતાની વધેલી દાઢી શેવ કરી હતી, તેણે આ ફિલ્મ માટે જ આ લુક રાખ્યો હતો.

સલમાનના ક્લીન શેવવાળા લુક પર કેટલાંક ચાહકો જૂના જમાનાની યાદોમાં જતા રહ્યા હતા અને દુઃખી થયા હતા કે તેમના બાળપણનો હીરો વૃદ્ધ દેખાઈ રહ્યો છે જ્યારે અન્યોએ તેના લુકની પ્રશંસા કરી હતી. 'ભાઈ કે દાઢી કે બાલ અબ સફેદ હોને લગે' ક્રાઈંગ ઈમોજી સાથે એક યુઝર્સે પોસ્ટ કર્યું હતું.

બોલિવુડ ઈન્ફ્લુએંસર ઓરી વૈષ્ણો દેવી મંદિરની નજીક દારૂ પીતા ઝડપાયો

કટરા (જમ્મુ), તા. 17: બોલિવુડ ઈન્ફ્લુએંસર ઓરહાન અવત્રામણિ ઉર્ફે ઓરી વિરૂદ્ધ જમ્મુ કાશ્મીરમાં ફરિયાદ દાખલ થઈ છે. આરોપ છે કે તે 8 મિત્રો સાથે કટરાની એક હોટેલમાં દારૂ પીતા પકડાયો હતો. આ વિસ્તાર માતા વૈષ્ણો દેવી મંદિરની નજીક છે અને ત્યાં દારૂના સેવન પર પ્રતિબંધ છે.

હોટેલમાં હાજર લોકોએ આ બનાવની માહિતી પોલીસને આપી હતી. હોટેલના મેનેજરે જણાવ્યા મુજબ 15 માર્ચના રોજ ઓરી, દર્શન સિંહ, પાર્થ રૈના, ઋતિક સિંહ, રાશિ દત્તા, રક્ષિતા ભોગલ, શગુન કોહલી અને અનાસ્તાસિયા અર્જામાસ્કીના હોટલ પરીસરમાં દારૂ પીતા પકડાયા હતા જ્યારે કે તેમને પહેલાં જ સૂચના આપવામાં આવી હતી કે આ એક દિવ્ય તીર્થ સ્થળ છે અને હોટેલમાં દારૂ પીવાની અને માંસાહાર ખાવાની મંજૂરી નથી.

પાકિસ્તાનમાં બનાવટી કોલ સેન્ટર પર દરોડા દરમિયાન લોકોએ લેપટોપ અને કમ્પ્યુટર્સની લૂંટ ચલાવી

દરોડા દરમિયાન નબળી સુરક્ષા વ્યવસ્થાના કારણે સ્થાનિકોને લૂંટ ચલાવવાની તક મળી

નવી દિલ્હી, તા. 17: ઈસ્લામાબાદના સેક્ટર એફ-11માં એક બનાવટી કોલ સેન્ટરમાં ફેડરલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ (એફઆઈએ) દરોડા પાડ્યા હતા તેમને અંદાજો ન હતો કે ત્યાં શું થશે. દરોડા દરમિયાન સ્થાનિકોને લાગ્યું કે આ સારી તક છે અને તેમણે ત્યાં મોજુદ મોંઘી વસ્તુઓની લૂંટ ચલાવી હતી.

જે એક ઉચ્ચ જોખમવાળું ઓપરેશન થવું જોઈતું હતું તે એક અનપેક્ષિત દ્રશ્યમાં ફેરવાયું હતું.

15 માર્ચ 2025ના રોજ એફઆઈએ દ્વારા ઈસ્લામાબાદમાં`ક બનાવટી કોલ સેન્ટર પર દરોડા પાડવામાં આવ્યા હતા. આરોપ છે કે કોલ સેન્ટરમાં આંતરરાષ્ટ્રીય છેતરપિંડી કરવામાં આવતી હતી. દરોડામાં અમુક વિદેશીઓ સહિત 24 લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

જો કે એઆઈથી સંબંધિત સૂત્રોએ કહ્યું હતું કે આ વીડિયો વર્ષ 2024નો છે.

યુક્રેન યુદ્ધનો અંત લાવવા માટે ટ્રમ્પ મંગળવારે પુટિન સાથે વાત કરશે

રશિયા અને યુક્રેન વચ્ચે જમીન અને પાવર પ્લાન્ટોની વહેંચણી અંગે પણ ચર્ચા થઇ શકે

વૉશિંગ્ટન, તા. ૧૭(એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે તેઓ મંગળવારે રશિયન પ્રમુખ પુટિન સાથે વાતચીત કરશે જ્યારે તેઓ યુક્રેનમાં યુદ્ધનો અંત લાવવા માટે દબાણ કરી રહ્યા છે.

અમેરિકી નેતાએ રવિવારે સાંજે ફ્લોરિડાથી વૉશિંગ્ટન એર ફોર્સ વન વિમાનમાં બેસીને જતી વખતે આ વાત પત્રકારોને કરી હતી. અમે એ જોઈશું કે મંગળવારે અમારી પાસે કંઇક જાહેર કરવા જેવું હશે કે કેમ? હું પ્રમુખ પુટિન સાથે મંગળવારે વાત કરનાર છું એમ ટ્રમ્પે જણાવ્યું હતું. સપ્તાહાંતે ઘણુ બધુ કામ કરવાનું છે. અમે એ જોવા માગીએ છીએ કે અમે યુદ્ધનો અંત લાવી શકીએ છીએ કે કેમ? એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

છેલ્લા 10 વર્ષોમાં બેંકોએ રૂ. 16.35 લાખ કરોડની બેડ લોન લખી વાળી: સરકાર

નવી દિલ્હી, તા. 17: એક ચોંકાવનારા ખુલાસામાં કેન્દ્ર સરકારે જાહેર કર્યું છે કે દેશમાં શેડ્યુલ્ડ કોમર્શિયલ બેંકોએ (એસસીબી) છેલ્લા દાયકામાં રૂ. 16.35 લાખ કરોડની બેડ લોન (નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (એનપીએ) લખી વાળી છે. સાંસદ અમરા રામ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે આ માહિતી લોકસભામાં રજૂ કરી હતી.

ગૃહમાં રજૂ કરાયેલા આંકડાઓમાં જાણવા મળ્યું છે કે આ મોટાભાગની બેડ લોન મોટા ઉદ્યોગો અને સેવાઓથી સંબંધિત હતી, જે આ સમયગાળા દરમિયાન કુલ એનપીએમાંથી લગભગ રૂ. 9.26 લાખ કરોડ જેટલી હતી. આ એનપીએને લખી વાળવાનું પગલું રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા જારી કરાયેલી માર્ગદર્શિકાને મુજબ છે.

Surat Municipal Institute of Medical Education and Research FIT INDIA
(Surat Municipal Corporation)
Near Bombay Market, Umarwada, Surat-395010, Gujarat, India
Visit us at - https://www.suratmunicipal.gov.in

Walk-In-Interview

Qualified medical personnel possessing requisite medical qualifications and teaching experience as per National Medical Commission (NMC) (erstwhile Medical Council of India-MCI) may walk-in for the personal interview to be conducted on Dt. 07/04/2025. This walk-in interview will be for the preparation of selection cum waiting list for the below mentioned posts in anticipation of final approval of the affillated Veer Narmad South Gujarat University, Surat as well as National Medical Commission. Venue for the walk-in interview will be **New Standing Committee Room, 3rd Floor, New Annexe Building, Surat Municipal Corporation, Muglisara,** Surat and the interested candidates are requested to remain present by 10:00 AM

S. No	Designation	Qualification, Teaching & Research Experience	Specialties	No. of Post(s)	Mode of Appointment
1.	Professor	As per the National Medical Commission (Postgraduate Medical Education Board), Notification Dated the 14th February, 2022 "Teachers Eligibility Qualifications in Medical Institutions Regulations, 2022" This document can be downloaded from the given links below.	Forensic Medicine & Toxicology	01	Pay Scale : Rs. 16,400-22,400/- Pay Band: Rs. 37,400-67,000/- Academic Grade Pay Rs. 10,000/- Pay Matrix: Rs.1,44,200-2,18,200/-
			Total	**01**	Pay Scale : Rs.12,000-18,300/- Pay Band: Rs. 37,400-67,000/- Academic Grade Pay Rs. 9,000/- Pay Matrix: Rs.1,31,400-2,17,100/-
2	Associate Professor		Pathology	02	
			General Medicine	01	
			Pediatrics	01	
			General Surgery	03	
			Orthopaedics	01*	
			ENT	01	
			Anesthesia	02	
			Dentistry	01	
			Total	**12**	
3	Assistant Professor		Anatomy	02	Pay Scale : Rs. 10,000-15,200/- Pay Band: Rs. 15,600-39,100/- Academic Grade Pay: Rs. 7,000/- Pay Matrix: Rs. 68,900-2,05,500/-
			Pathology	01	
			Community Medicine	01	
			Statician Cum Lecturer	01	
			General Medicine	07+02*	
			Pediatrics	01	
			General Surgery	06+04*	
			Orthopaedics	01+01*	
			ENT	02	
			OBG	01+02*	
			Radiodiagnosis	01	
			Total	**33**	

*LIKELY TO BE VACANT IN FUTURE

https://www.nmc.org.in/wp-content/uploads/2022/02/TEACHERS%20ELIGIBILITY%20QUALIFICATIONS.pdf **OR** https://www.suratmunicipal.gov.in

In case candidates for the aforesaid posts are not available on regular pay scale, the said posts shall be filled up on short term contract bases on fixed consideration until the said posts is/are filled up on regular pay scale. The fixed consideration are as follows~

Mode of Appointment	Professor	Associate Professor	Assistant Professor
With Private Practice	Rs.25,000/-	Rs.20,000/-	Rs.15,000/-
Without Private Practice	Rs.70,000/-	Rs.50,000/-	Rs. 42,000/-

The candidates possessing requisite medical qualifications and teaching experience shall have to bring all necessary certificate(s) & documentary proof(s) (original along with two attested copies)~
01) Photo ID proof (Govt. authority issued): Passport/PAN Card/Voter ID/Aadhar Card (any one)
02) School Leaving Certificate (or any other proof for date of birth)
03) Caste Certificate (if applicable)
04) Degree Certificates, Mark-sheets & Attempt Certificate of MBBS & MD/MS/DNB (as applicable).
05) Registration Certificates for MBBS & MD/MS/DNB (as applicable).
06) Certified copy of appointment order of the present institute (if applicable).
07) Joining report at the present institute (if applicable).
08) Present pay scale and pay slip of last salary drawn (as applicable).
09) NOC from present employer for appearing in the above said interview
10) Experience certificate(s) of all teaching appointments before joining the present post
11) Relieving order from the previous institution/posting (as applicable).
12) Research Publication(s) (as applicable).
13) Certificates of Basic Course in Medical Education Technology & Biomedical Research (as applicable).
14) Proof of change in name/Proof of change in marital status at the time of interview.

In the event of any information furnished during this interview subsequently turning out to be false/incorrect or any document/s or certificate/s is/are found to be out of order, or it comes to light that there has been suppression of any material information, it shall be considered as gross misconduct thereby rendering the candidate liable to disciplinary and/or legal proceedings including disqualification from interview and if appointed he/she will be liable to be dismissed from service without any notice.

No. PRO/523/2024-25
DATE: 17/03/2025

Dy.Muni. Commissioner,
Surat Municipal Corporation.

:: મોજે સોનારીના સર્વે નં.૭, બ્લોક નં.૭/અ વાળી જમીન અંગે જાહેર ખુલાસો ::

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ મજુરા, મોજે સોનારી ના જુના સર્વે નં.૭, બ્લોક નં.૭/અ, ટી.પી સ્કીમ નં.૬૭, એફ.પી. નં.૩૩૦/એ, ૩૩૦/બી તથા એફ.પી. નં.૫૬ વાળી જમીન તેમજ અન્ય જમીનમાં અમારોનો વણવહેંચાયેલો હિસ્સો ચાલી આવેલો જે હિસ્સો મેળવવા માટે અમારા અસીલે મહે. સુરતની સીવીલ કોર્ટમાં સ્પે.દિ.મુ.નં.૧૭૩/૨૦૨૩ થી દાવો દાખલ કરેલો જે દાવાની ચાલુ કાર્યવાહી દરમિયાન મજકુર મોજે સોનારીના બ્લોક નં.૭/અ વાળી જમીન અંગે હાલના ખરીદનાર (૧) મોતીરાજ રમણલાલ શાહ (૨) સ્વરૂપ રમેશ શાહ (૩) વેણીલાલ જતીનભાઈ પટેલ નાઓ સાથે કોર્ટ બહાર ખાનગી રાહે સુખદ સમાધાન થયેલ છે અને સદર સમાધાનની રૂએ મજકુર ખરીદનારાઓના લાભમાં કબુલાતનો દસ્તાવેજ પણ કરી આપેલ છે તેમજ મજકુર સ્પે.દિ.મુ.નં.૧૭૩/૨૦૨૩ ના દાવા પ્રકરણમાં સદરહું મોજે સોનારીના બ્લોક નં.૭/અ વાળી જમીન પુરતો દાવો પરત ખેંચી લીધેલ છે તથા રેવન્યુ રાહે જે તકરારો કરેલ તે પણ પરત ખેંચી લીધેલ છે.

ઉપરોકત હકીકતે સદરહું જમીન અંગે સમાધાન થવાથી સદરહું જમીન અંગે અમારો કોઇ દર-દાવો, લાગ-ભાગ કે હકક-હિસ્સો રહેતો નથી અને સદરહું જમીનના ખરીદનારના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ છે જેનો જાહેર જનતા સમક્ષ આ ખુલાસો કરીએ છીએ.

સરનામું ૪-પુનિત ચેમ્બર, ઉધના દરવાજા, રિંગ રોડ, સુરત. મો.નં.૯૮૭૯૩૦૩૪૫૦

દેવેન્દ્ર એસ. ટંડેલ
તે સ્પે.દિ.મુ.નં.૧૭૩/૨૦૨૩ ના દાવાના વાદીઓ ના વકીલશ્રી

બૅંક ઑફ ઇંડિયા BOI
Bank of India

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીય એસ્ટેટ શાખા : અંકલેશ્વર, પ્લોટ નં.સી/૩-૧૦-બી, જીઆઈડીસી, ભરૂચ-૩૯૩૦૦૨ ફોન : ૦૨૬૪૯-૨૨૬૭૭૯,૨૨૨૦૦૨
Email : AnkleshwarIE.Surat@bankofindia.co.in

કબજા નોટીસ

આથી નીચે સહી કરનાર બૅંક ઓફ ઈન્ડિયા, અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીય એસ્ટેટ શાખા, અંકલેશ્વર સુરતના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને આ ધારાની કલમ ૧૩(૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૨૯.૧૧.૨૦૨૪** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર(રો)/જામીનદાર(રો) **શ્રી સલમાન અહમદ કુરેશી (દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂ.૭,૮૪,૫૫૨.૯૬/– (અંકે રૂ. સાત લાખ ચોર્યાસી હજાર પાંચસો બાવન અને છન્નું પૈસા પુરા) + તા.૨૮.૧૧.૨૦૨૪ ના રોજથી લાગુ દરે વ્યાજ + અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર(રો)/જામીનદાર(રો) આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર(રો)/જામીનદાર(રો) અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૧૧ મી માર્ચ, ૨૦૨૫** ના રોજ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર(રો)/જામીનદાર(રો) અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે બૅંક ઓફ ઈન્ડિયા,અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીય એસ્ટેટ શાખા ની રકમ **રૂ.૭,૪૨,૩૧૪.૯૬ + તા. ૧૧.૦૩.૨૦૨૫ ના રોજ તેના ઉપરનું વ્યાજ અને અન્ય ચાર્જીસ** ને આધિન રહેશે.

દેવાદારો/જામીનદાર નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદારો(રો) અને જામીનદાર(રો)એ જ્યારે અધિકૃત અધિકારી દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે અહીં દર્શાવેલ મિલકતનો વાસ્તવિક અને ખાલી કબજો સોંપવો જરૂરી રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

રહેણાંકની મિલકત કે જે સાંઈ ગોલ્ડન રેસીડન્સી, પેઢી સી-વિંગનોઠ્ઠા માળ નો ફલેટ નં.સી–૧૧, બિલ્ટઅપ એરીયા માપ ૯૦.૪૧ ચો.મીટર અને વણવહેંચાયેલ હિસ્સાની જમીનનું માપ ૫.૦૦ ચો.મીટર, નવો રે.સ.નં. ૫૦૦/૨ (જુનો રે.સ.નં. ૫૦૧/૨, ૫૦૦/૨, ૪૭૨/એ) પૈકી પ્લોટ નં. ૧ થી ૨૭ મોજે અંકલેશ્વર, સબ ડિસ્ટ્રીકટ અંકલેશ્વર, જી. ભરૂચ ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા